# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર. ૦૧/૨૦૨૨-૨૩ થી જા.ક્ર. ૦૯/૨૦૨૨-૨૦૨૩ તારીખ-૧૫/૦૬/૨૦૨૨ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૦/૦૬/૨૦૨૨ (૧૩:૦૦ કલાક) સુધી Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **https://gpsc.gujarat.gov.in** અને **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૨ | 3 | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | | | |
| ૧ | ટી.બી.& ચેસ્ટ સ્પેશ્યાલીસ્ટ,કા.રા.વિ.યો.,વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧-૦૯-૨૦૨૨ | નવેમ્બર-૨૨ | ફેબ્રુઆરી-૨૩ | MBBS+PGD/MD/DNB | 2 Yrs PGDip |
| ૨ | રેડિયોલોજિસ્ટ, કા.રા.વિ.યો., વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧-૦૯-૨૦૨૨ | નવેમ્બર-૨૨ | ફેબ્રુઆરી-૨૩ | MBBS+PGD/MD/DNB | 2 Yrs PGDip |
| 3 | મહિલા અને બાળ અધિકારી/નાયબ નિયામક, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૮-૦૯-૨૦૨૨ | ડિસેમ્બર-૨૨ | માર્ચ-૨૩ | Master Degree | 5 Years |
| ૪ | બાળ વિકાસ યોજના અધિકારી,વર્ગ-૨ | ૬૯ | ૨૭ | ૧૪ | ૧૬ | ૦3 | ૦૯ | ૨૭ | ૧૪ | ૧૬ | ૦3 | ૦૯ | ૦૬ | ૦૧ | ૨૫-૦૯-૨૦૨૨ | ડિસેમ્બર-૨૨ | માર્ચ-૨૩ | Bachelor/Master Deg. | 3 Yrs Bach. |
| ૫ | નર્સિંગ ઓફિસર/પ્રિન્સિપાલ, વર્ગ-૨ | ૩૪ | ૧૬ | ૦3 | ૦૮ | ૦૨ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૧૧-૦૯-૨૦૨૨ | નવેમ્બર-૨૨ | ફેબ્રુઆરી-૨૩ | B.Sc./M..Sc. | 3/5 Years |
| ૬ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨ (ન.જ.સં.) | ૧૦૦ | ૪૦ | ૧૦ | ૨૭ | ૦૮ | ૧૫ | ૧૩ | ૦3 | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૪ | ૦૧ | ૧૮-૦૯-૨૦૨૨ | ડિસેમ્બર-૨૨ | માર્ચ-૨૩ | BE/BTech(Civil) | - |
| ૭ | મેનેજર ગ્રેડ-૧,વર્ગ-૨ (માર્ગ અને મકાન) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૮-૦૯-૨૦૨૨ | ડિસેમ્બર-૨૨ | માર્ચ-૨૩ | Dip./Deg.H&C | 2 Yrs Dip |
| ૮ | સંશોધન અધિકારી, વર્ગ-૧ (ન.જ.સં) | ૦૪ | ૦3 | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૧-૦૯-૨૦૨૨ | નવેમ્બર-૨૨ | ફેબ્રુઆરી-૨૩ | Post Grad. Engg. | 5 Years |
| ૯ | ભૂસ્તરશાસ્ત્રી,વર્ગ-૨ (ખાસ ભરતી) (ન.જ.સં.) | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦3 | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૮-૦૯-૨૦૨૨ | ડિસેમ્બર-૨૨ | માર્ચ-૨૩ | Post Grad | - |

**નોંધ:- ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી "Editable" છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત-માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો "Edit" વિકલ્પમાં જઇ વિગત સુધારી લેવી. નવી અરજી ન કરવી. અરજી કરતી વખતે અને ત્યારબાદ ઉમેદવારે પોતાની સહી, ફોટો અને અન્ય વિગતો ચકાસી તેની ખરાઈ કરવી, જો ભૂલ હોય તો સુધારો કરી લેવા જણાવવામાં આવે છે. જાહેરાત ઓનલાઇન અરજી કરવાનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.**

➢ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.

➢ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ પ્રાથમિક કસોટી OMR અથવા CBRT (Computer Based Recruitment Test) માધ્યમથી લેવામાં આવશે.

➢શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત પ્રમાણે રહેશે.

**➢જાહેરાત ક્રમાંક: ૦૪/૨૦૨૨-૨૩માં ફકત મહિલા ઉમેદવારો જ અરજી કરી શકશે.**

**➢ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક: ૦૧ અને ૦૨/૨૦૨૨-૨૩** માં પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણમાંથી મેળવેલ ગુણનાં ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૨૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. **સદરહુ જાહેરાતોમાં ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં ૨૫% થી ઓછા ગુણ મેળવશે તો તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં. જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવારો ૨૦% થી ઓછા ગુણ મેળવશે તો તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.**

➢ **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક:૦૩ થી ૦૯/૨૦૨૨-૨૩માં** પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેના ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે,પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે.**(સદરહુ જાહેરાતોમાં પ્રાથમિક કસોટીમાં ૧૫% થી ઓછા ગુણ મેળવશે તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.)**

➢ દિવ્યાંગ ઉમેદવારોની જગ્યામાં સરકારની અદ્યતન સૂચનાઓ મુજબ સુધારો થવાની સંભાવના રહે છે.

➢બધી જ જાહેરાતો માટે પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

➢(૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાનીરહેશે. (૨)કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની જરૂરીયાત જણાય તો **https:--gpsc-ojas.gujarat.gov.in** ના **"Online Application"** મેનુમાં **"Edit"** વિકલ્પમાં જઇને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાના આખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે. **જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.** (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

➢ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.

➢ ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online અરજી કરવા માટે તારીખ-૩૦-૦૬-૨૦૨૨ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે** માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા **Online** અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી **Confirm** કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં **Online** અરજીપત્રક ભરી **Confirmation Number** મેળવી લેવો ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

follow us on: @GPSC_OFFICIAL https:--gpsc.gujarat.gov.in GPSC (Official)

તારીખ-૧૪-૦૬-૨૦૨૨